



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ ચોથ ગુરુવાર ૪ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૮૯

પાનાં ૧૦+૪ કિંમત ₹ ૫.૦૦

# ભારત પર 12.5% ટેરિફ લાદવા અમેરિકાની દરખાસ્ત

**'ફોર્સ્ડ લેબર'ના** નામે અમેરિકાની નવી ચાલ; ભારત સહિત 54 દેશો પર 12.5 ટકા ટેરિફ લાદવાની દરખાસ્ત

**ભારતે** આક્ષેપો નકારી તપાસ બંધ કરવા કરી માગ, અમેરિકાનો 'ફોર્સ્ડ લેબર' દ્વારા ઉત્પાદિત માલની આયાત રોકવામાં નિષ્ફળ રહેવાનો આરોપ

**વેપાર** કરાર અંગેની મંત્રણા વચ્ચે આ પગલાંથી વ્યાપારી તણાવ વધ્યો

## ટેક્સટાઇલ અને કપડાંના ઉત્પાદનો માટે એક ખાસ વ્યવસ્થા પ્રસ્તાવિત

ખાસ રાહત વ્યવસ્થા : અમેરિકાએ પ્રસ્તાવ મૂક્યો છે કે પસંદગીના દેશોમાંથી આવતા ટેક્સટાઇલ અને એપરલ ઉત્પાદનો માટે એક નિશ્ચિત ક્વોટા નક્કી કરવામાં આવશે. આ નક્કી કરેલા જથ્થા સુધીના કાપડની આયાત પર ૧૨.૫% ના બદલે ઓછા દરથી ટેરિફ (લોઅર ટેરિફ રેટ) વસૂલવામાં આવી શકે છે.

**ભારત પર અસરઃ** વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતની અમેરિકા ખાતેની કુલ $૮૭.૩ અબજની નિકાસમાં ટેક્સટાઇલ ક્ષેત્રનો હિસ્સો ઘણો મોટો છે. જો આ ૧૨.૫% ટેરિફ સંપૂર્ણપણે લાગુ થઈ જાય, તો અમેરિકાના બજારમાં ભારતીય કાપડ મોંઘું થઈ જાય. પરંતુ આ ખાસ ક્વોટા મિકેનિઝમ હેઠળ જો ભારતને લોઅર ટેરિફનો લાભ મળે, તો ભારતીય ટેક્સટાઇલ ઉદ્યોગને મોટું નુકસાન થતું અટકી શકે છે.

**અમેરિકાની શરતઃ** યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના મતે, આ રાહત માત્ર એવા દેશોને જ મળશે જેઓ ત્રીજા દેશોમાંથી આવતી 'ફોર્સ્ડ લેબર' (વેઠમજૂરી)વાળી કાપડની સામગ્રી (જેમ કે કાચો કપાસ કે યાર્ન)ની આયાત પર કડક પ્રતિબંધ મૂકશે.

**વોશિંગ્ટન-નવી દિલ્હી, તા. 3 (PTI):** અમેરિકા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાને આખરી ઓપ આપવા માટે નવી દિલ્હીમાં ત્રણ દિવસીય ઉચ્ચ સ્તરીય બેઠક ચાલી રહી છે. બરાબર આ જ સમયે, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR)એ કથિત રીતે 'ફોર્સ્ડ લેબર' (વેઠમજૂરી) દ્વારા ઉત્પાદિત માલની આયાત રોકવામાં નિષ્ફળ રહેવા બદલ ભારત સહિત 54 દેશો પર 12.5 ટકા ટેરિફ લાદવાની દરખાસ્ત રજૂ કરીને નવો વિવાદ છેડ્યો છે. આ 54 દેશોની યાદીમાં ભારત ઉપરાંત ચીન, જાપાન, બ્રિટેન, બ્રાઝિલ, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને યુએઈ જેવા મોટા અર્થતંત્રો સામેલ છે, જ્યારે પાકિસ્તાન અને કેનેડા સહિત 6 દેશો પર 10 ટકા વધારાની ડ્યુટી પ્રસ્તાવિત કરાઈ છે. અમેરિકાના આ પ્રસ્તાવ પર પ્રતિક્રિયા આપતા ભારતીય વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું છે કે નવી દિલ્હી સેક્શન 301ની તપાસ અંતર્ગત અમેરિકા સાથે સતત ચર્ચામાં જોડાયેલું છે. ભારતે ફોર્સ્ડ લેબરના તમામ આરોપોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે અને અમેરિકાને આ તપાસ બંધ કરવા કહ્યું છે. ભારતે ભારપૂર્વક કહ્યું છે કે આવા મુદ્દાઓ ચાલુ દ્વિપક્ષીય વેપાર વાટાઘાટોના માળખામાં જ ઉકેલાવા જોઈએ. વાણિજ્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે ભારત 7 ફેબ્રુઆરી 2026ના રોજ જાહેર કરાયેલા સંયુક્ત નિવેદન અનુસાર વચગાળાના વેપાર કરારને આખરી ઓપ આપવા માટે સમાંતર રીતે વાટાઘાટો કરી રહ્યું છે.

USTRએ કેટલીક વસ્તુઓને

...અનુસંધાન પાના 8 પર

# દિલ્હીની હોટેલમાં ભીષણ આગ: 21નાં મોત

**સીલ** બારીઓ અને બહાર નીકળવાનો એક જ ઓટોમેટિક દરવાજો હોવાથી ઈમારત બની મોતનો જાળ

**મૃતકોમાં** 11 વિદેશી સામેલ, દાઝી ગયેલાઓમાંથી 8 વેન્ટિલેટર પર







**નવી દિલ્હી, તા. 3 (PTI):** દક્ષિણ દિલ્હીના માલવીયા નગરના હૌઝ રાની વિસ્તારમાં આવેલી 'ફ્લોરિશ સ્ટે બી એન્ડ બી' હોટેલમાં બુધવારે સવારે આશરે 8.30 વાગ્યે ભયાનક આગ ફાટી નીકળી હતી, જેમાં 11 વિદેશીઓ સહિત ઓછામાં ઓછા 21 લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે. ફાયર NOC વગર ગેરકાયદેસર રીતે ધમધમતી આ 5 માળની સાંકડી બિલ્ડિંગવાળી હોટેલને માત્ર 6 રૂમની મંજૂરી હતી, પરંતુ નિયમોને નેવે મૂકીને બેઝમેન્ટ સહિત કુલ 25 રૂમ ચલાવવામાં

...અનુસંધાન પાના 8 પર

### માતાએ બાળકને છાતી સરસું ચાંપી ત્રીજા માળેથી છલાંગ લગાવી

આગ લાગતા જ અંદર હાજર લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. બચાવ કામગીરી દરમિયાન સ્થાનિક લોકો દેવદૂત બનીને સામે આવ્યા હતા. સામે ગાદલા-રજાઈની દુકાન ધરાવતા એક સ્થાનિક વેપારીએ નીચે ગાદલા પાથરી દીધા હતા, જેના પર ત્રીજા માળેથી એક મહિલા પોતાના નાના બાળકને

...અનુસંધાન પાના 8 પર



### બારીઓ તોડીને મદદ માટે આજીજી કરતા રહ્યા વિદેશીઓ

હોટલના રૂમોમાં ફસાયેલા સેન્ટ્રલ એશિયા અને આફ્રિકન દેશોના નાગરિકો બારીઓના કાચ તોડી-તોડીને બહાર હાથ હલાવી મદદ માટે આજીજી કરતા ચીસો પાડી રહ્યા હતા. તે જ સમયે, કેટલાક લોકો ધુમાડાના કારણે ગૂંગળામણ થવાથી રૂમની અંદર જ બેહોશ થઈ ગયા હતા, જેમને પાછળથી ફાયર બ્રિગેડની ટીમે કાચ તોડીને બહાર કાઢ્યા હતા.

## સેક્શન 301 તપાસ પર ભારત અમેરિકા સાથે ચર્ચામાં

**નવી દિલ્હી, તા. 3 (PTI):** ભારતે બુધવારે જણાવ્યું હતું કે તે 'ફોર્સ્ડ લેબર' અને 'એક્સેસ ઈન્ડસ્ટ્રિયલ કેપેસિટી' (વધારાની ઔદ્યોગિક ક્ષમતા) અંગેની અમેરિકાની સેક્શન 301 તપાસ પર યુએસ વહીવટીતંત્ર સાથે સતત ચર્ચા કરી રહ્યું છે. આ સાથે જ, ભારત વચગાળાના વેપાર કરારને આખરી ઓપ આપવા માટે અમેરિકા સાથે સમાંતર વાટાઘાટો પણ કરી રહ્યું છે. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવએ માર્ચ મહિનામાં 60 દેશો સામે આ તપાસ શરૂ કરી હતી અને તેના આધારે ભારત-ચીન સહિત 54 દેશો પર 12.5 ટકા તથા પાકિસ્તાન-કેનેડા સહિત 6 દેશો પર 10 વધારાના ટેરિફ

...અનુસંધાન પાના 8 પર

## ભારત-અમેરિકા વેપાર કરાર ૯૯% પૂર્ણ: અમેરિકી રાજદૂત

**મુંબઈ, તા. 3 (PTI):** ભારત- અમેરિકા વેપાર કરાર 99 ટકા પૂર્ણ થઈ ગયો હોવાનો સંકેત આપતાં યુએસ રાજદૂત સેર્જિયો ગોર બુધવારે જણાવ્યું હતું કે, બંને પક્ષો બાકી રહેલી 1 ટકા અડચણોને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છે અને અપેક્ષા છે કે લાંબા સમયથી રાહ જોવાઈ રહેલા આ કરાર પર આગામી કેટલાંક અઠવાડિયાંમાં હસ્તાક્ષર થઈ જશે. ભારતમાં યુએસ રાજદૂત, જેઓ દક્ષિણ અને મધ્ય એશિયાના વિશેષ દૂત તરીકે પણ સેવા આપે છે, તેમણે જણાવ્યું હતું કે, અમેરિકાએ તેના કોઈપણ પડોશી દેશો કરતાં ભારત માટે ઓછી ટેરિફ લગાવી છે અને ગોરે ભારપૂર્વક

...અનુસંધાન પાના 8 પર

તા. 03-06-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૬° સે. | ૨૮.૨° સે. | ૬૬% |

